# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-05-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના ગાંધીનગરથી પાંચ હજાર 536 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કરશે.
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પદ્મ પુરસ્કારો એનાયત કરશે.
3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે સરકાર સંરક્ષણ ઔદ્યોગિક ઉત્પાદનોને વધુ સક્ષમ બનાવવા પ્રતિબદ્ધ.
4) તમિલનાડુની છ અને આસામની રાજ્યસભાની બે બેઠકો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો.
5) ભારતીય પેરા એથ્લીટ મહેન્દ્ર ગુર્જરે પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં નવો વિશ્વ રેકોર્ડ સર્જ્યો.

***************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે પાંચ હજાર 536 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. જેમાં શહેરી વિકાસ, માળખાગત સુવિધાઓ, જળ સંસાધન વ્યવસ્થાપન, આરોગ્યસંભાળ અને મહેસૂલ સેવાઓ સહિતના મુખ્ય પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી મોદી આજે ગાંધીનગરમાં ગુજરાત શહેરી વિકાસની 20મી વર્ષગાંઠ પ્રસંગે આયોજિત એક ખાસ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી આ પહેલનો ઉદ્દેશ્ય શહેરી રહેવાસીઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરીને આયોજિત માળખાગત સુવિધાઓ, પારદર્શન વહીવટ દ્વારા ગુજરાતના શહેરી દૃશ્યને બદલવાનો હતો.

આ પ્રસંગે પ્રધાનમંત્રી ગુજરાતમાં શહેરી વિકાસ માટેનો નવો રોડમેપ - શહેરી વિકાસ વર્ષ-2025 જારી કરશે. શ્રી મોદી હવાની ગુણવત્તા સુધારવા અને ટકાઉ શહેરી જીવનને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતની શહેરી વિકાસ યોજના અને રાજ્ય સ્વચ્છ હવા કાર્યક્રમનો પણ પ્રારંભ કરાવશે.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ...

## (બાઈટ – અપર્ણા ખુંટ)

દરમ્યાન પ્રધાનમંત્રી ગઈકાલે બે દિવસની ગુજરાત મુલાકાતે આવ્યા છે. શ્રી મોદીએ ગઈકાલે સાંજે ભુજમાં 53 હજાર 400 કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. અગાઉ, પ્રધાનમંત્રીએ દાહોદમાં 24 હજાર

કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ દાહોદમાં રેલ એન્જિન ઉત્પાદન પ્લાન્ટનું ઉદ્ઘાટન પણ કર્યું. આ પ્લાન્ટ સ્થાનિક હેતુઓ અને નિકાસ માટે 9000 હોર્સપાવર ઇલેક્ટ્રિક લોકોમોટિવનું ઉત્પાદન કરશે. તેમણે પ્લાન્ટમાંથી ઉત્પાદિત પ્રથમ ઇલેક્ટ્રિક એન્જિનને પણ લીલી ઝંડી આપી હતી.

---

# PREZ PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં બીજા નાગરિક સન્માન સમારોહમાં પદ્મ પુરસ્કારો એનાયત કરશે. દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક, પદ્મ પુરસ્કારો ત્રણ શ્રેણીઓમાં આપવામાં આવે છે - પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. આ પુરસ્કારો કલા, સામાજિક કાર્ય, જાહેર બાબતો, વિજ્ઞાન અને ઇજનેરી, વ્યવસાય અને ઉદ્યોગ, દવા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત અને વહીવટી સેવા સહિત વિવિધ શાખાઓ અને ક્ષેત્રોમાં આપવામાં આવે છે.

અમારા સંવાદદાતાનો એક અહેવાલ સાંભળીએ ...

**(બાઈટ – અમન)**

---

# RAJNATH-REVIEW

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે સરકાર સંરક્ષણ ઔદ્યોગિક આધારને મજબૂત કરવા અને સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં સ્પર્ધા વધારવા માટે પ્રતિબદ્ધ

છે. શ્રી સિંહે ગઈકાલે નવી દિલ્હીમાં આઠ સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમોના પ્રદર્શનની સમીક્ષા કરી. આ પ્રસંગે સંરક્ષણ મંત્રીએ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોની ક્ષમતાઓને ટેકો આપતા પ્લેટફોર્મ અને ટેકનોલોજી વિકસાવવામાં સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો સહિત સમગ્ર સંરક્ષણ ઉદ્યોગની ભૂમિકાની પ્રશંસા કરી. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી સિંહે સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમોને સંશોધન અને વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને નવીનતમ તકનીકોના આધારે ઉત્પાદન વધારવા નિર્દેશ આપ્યો. સંરક્ષણ મંત્રીએ આ ઉપક્રમોને સશસ્ત્ર દળોને ઉત્પાદનોની સમયસર વહેંચણી પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું. શ્રી સિંહે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને માઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડને મહારત્નનો દરજ્જો મળવા બદલ અભિનંદન પાઠવ્યા.

---

# ECI-BIENNIAL ELECTION

ચૂંટણી પંચે તમિલનાડુમાં છ અને આસામમાં બે રાજ્યસભા બેઠકો માટે દ્વિવાર્ષિક ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. પંચે જણાવ્યું કે બીજી જૂને જાહેરનામું બહાર પાડવામાં આવશે અને 19 જૂને મતદાન થશે અને તે જ દિવસે મત ગણતરી હાથ ધરાશે.

આ ચૂંટણીઓ આ વર્ષે જૂન અને જુલાઈ વચ્ચે યોજાશે કારણ કે રાજ્યસભાના આઠ સભ્યોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. તમિલનાડુના છ રાજ્યસભા સાંસદો ડૉ. અંબુમણિ રામદાસ, એમ. શનમુગમ, એન. ચંદ્રશેખરન, એમ. મોહમ્મદ અબ્દુલ્લા, પી.

વિલ્સન અને વાઈકો આ વર્ષે 24 જુલાઈના રોજ નિવૃત્ત થશે. આવતા મહિનાની 14મી તારીખે મિશન રંજન દાસ અને બિરેન્દ્ર પ્રસાદ વૈશ્ય નિવૃત્ત થવાના કારણે આસામમાંથી બે બેઠકો ખાલી થશે.

---

# TRIBALS- JUAL ORAM

આદિવાસી બાબતોના મંત્રી જુઆલ ઓરામે કહ્યું છે કે સરકાર આદિવાસી સમુદાયોના ઉત્થાન માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે છેલ્લા દાયકામાં આદિજાતિ સમુદાયના સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવા માટે લેવામાં આવેલી મુખ્ય પહેલો પર પ્રકાશ પાડ્યો. ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, તેમણે આદિવાસી કલ્યાણમાં સરકારની વિવિધ મુખ્ય સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે સરકાર 18 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં 75 ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTGs) ના વ્યાપક વિકાસને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય રાખે છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર આ પહેલ માટે 15 હજાર કરોડ રૂપિયાથી વધુ ફાળવણી કરી રહી છે. શ્રી ઓરમે જણાવ્યું હતું કે સરકાર સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવા અને વિકાસ કાર્યક્રમોનો લાભ આદિવાસી સમુદાયને મળે તે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

---

# WORLD PARA ATHLETICS

ભારતીય પેરા એથ્લીટ મહેન્દ્ર ગુર્જરે સ્વિટ્ઝર્લૅન્ડના નોટવિલમાં ચાલી રહેલી વિશ્વ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ ટુર્નામેન્ટમાં પુરુષોની F42 ભાલા ફેંક સ્પર્ધામાં 61.17 મીટર ફેંકીને નવો વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે.

27 વર્ષીય મહેન્દ્ર ગુર્જરે 2022માં બ્રાઝિલના રોબર્ટો ફ્લોરિયાની એડનિલ્સન દ્વારા સ્થાપિત 59.19 મીટરના અગાઉના રેકોર્ડને તોડ્યો.

આ ટુર્નામેન્ટમાં ગુર્જરનો આ બીજો સુવર્ણચંદ્રક છે. આ અગાઉ 23 મેના રોજ તેણે 5.59 મીટરના કૂદકા સાથે લાંબી કૂદ T42 ઇવેન્ટ પણ જીતી હતી.

બે વખતના પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા સુમિત એન્ટિલે પણ F64 ભાલા ફેંક ઇવેન્ટમાં 72.35 મીટરના થ્રો સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.

---

# IPL CRICKET

IPLમાં પંજાબ કિંગ્સે ગઈકાલે રાત્રે જયપુરમાં મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને ટોચની બે ટીમમાં સ્થાન મેળવ્યું. આ સાથે, પંજાબે પ્રથમ ક્વોલિફાયરમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. પ્રથમ બેટિંગ કરતા મુંબઈ ઈન્ડિયન્સે પંજાબને 184 રનનો લક્ષ્યાંક આપ્યો, જેના જવાબમાં પંજાબ કિંગ્સે નવ બોલ બાકી રહેતા 187 રન બનાવીને મેચ જીતી લીધી. પંજાબ તરફથી જોશ ઈંગ્લીસે 73 રન બનાવ્યા જ્યારે પ્રિયાંશ આર્યએ 62 રન બનાવ્યા. ઇંગ્લિસને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે સાંજે લખનૌ સુપર જાયન્ટ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજે તમામ અખબારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના સમાચાર હેડલાઇન્સમાં લીધા છે.
- સંદેશ, દિવ્ય ભાસ્કર .,નવગુજરાત સમાચારે, ગુજરાત સમાચાર અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ - પાકિસ્તાનીઓ શાંતિથી રોટલી ખાવ નહીં તો મારી પાસે ગોળીઓ તો છે જ તેવા નરેન્દ્ર મોદીના નિવેદન સાથે હેડલાઇન બનાવી છે
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે લખ્યું છે કે મસ્ટ સ્ટેપ ફોરવર્ડ ટુ ફ્રી યોર કન્ટ્રી ફ્રોમ ડિસિઝ ઓફ ટેરર સેઇડ પીએ મોદી
- દેશમાં કોરોનાના કેસ એક હજારને પાર , ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ અંજારિયાને સુપ્રીમમાં અને વી પંચોલીને ગુજરાત હાઇકોર્ટમાં બઢતી મળશે ., સીઆરપીએફનો એએસઆઇ પાકિસ્તાન માટે જાસૂસી કરતાં ઝડપાયો હોવાના સમાચાર પણ દરેક અખબારના પહેલા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.
- સ્પોર્ટ પેજ ઉપર આરસીબી અને લખનો વચ્ચે મેચ રમાશે જે જીતે તે .. ક્‌વોલિફાયર વનમાં જ્યારે હારે તે એલિમિનેટરમાં જશે તે સમાચાર દરકે અખબારોમાં વાંચવા મળી રહ્યાં છે.

---